# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 1-06-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાજ્યમાં આજથી વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાનો પ્રારંભ

રાજ્યમાં **આજથી** 'વસ્તી ગણતરી 2027'નો પ્રથમ તબક્કો શરૂ થશે. આ શ્રેણીની 16મી અને આઝાદી પછીની 8મી જનગણના હશે, જે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરાશે. આ અગાઉ વર્ષ 2011માં વસ્તી ગણતરી કરવામાં આવી હતી. વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું, 30 જૂન સુધી ઘર-યાદી અને મકાનોની ગણતરી હાથ ધરાશે. આ તબક્કામાં ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય મિલકતો સહિત કુલ 33 પ્રશ્નો પૂછવામાં આવશે. ત્યારે વસ્તી ગણતરી ઝુંબેશમાં તમામ નાગરિકોને સહભાગી થવા શ્રી મયાત્રાએ અનુરોધ કર્યો છે.

**------------------------------------------------------------------------------------------**

## P.M. – 5 જૂને સુરતના પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 5 જૂને સુરતના પ્રવાસે આવશે. તેમની મુલાકાત સંદર્ભે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી. બેઠક બાદ માહિતી આપતા જિલ્લા કલેકટર તેજસ પરમારે જણાવ્યું, શ્રી મોદી 18 હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

**------------------------------------------------------------------------------------------**

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સામાજિક કાર્યોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ અનેક નાગરિકોની પ્રશંસા કરી, તેમની પ્રેરણાદાયી પહેલ અને સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. આકાશવાણી પર તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ કેરળમના સાજી વલશેરિલ વિશે વાત કરી, જે એક મફત સ્વિમિંગ ક્લબ ચલાવે છે જેણે પંદર હજારથી વધુ લોકોને સ્વિમિંગ શીખવામાં મદદ કરી છે. તેમણે ઉત્તર પ્રદેશના બસ્તીના આકાશ ગુપ્તાના પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો, જેમણે મનોરમા નદીને સાફ કરવા માટે એક અભિયાન શરૂ કર્યું. શ્રી મોદીએ ગોવાના નિવૃત્ત શિક્ષક બાલકૃષ્ણ અૈયાની વાર્તા પણ શેર કરી, જેમણે પાણીની અછતના મુદ્દાઓને ઉકેલવા માટે કામ કર્યું. તેમણે સૈનિકોના કલ્યાણમાં યોગદાન બદલ તમિલનાડુના શિક્ષિકા ગિરિજા અમ્માની પણ પ્રશંસા કરી.

**------------------------------------------------------------------------------------------**

## <u>ક્રિકેટ</u>

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમે ગુજરાત ટાઇટન્સને **5** વિકેટે હરાવી સતત બીજા વર્ષે ઇન્ડિયન પ્રીમિયર લીગનો બીજો ખિતાબ જીતી લીધો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરના અંતીમ જંગમાં ગુજરાતની ટીમે **8** વિકેટ ગુમાવી **155** રન કર્યા હતા. બેંગલુરુની ટીમે **18** ઓવરમાં **5** વિકેટ ગુમાવી **161** રન કરી ખિતાબ જીતી લીધો હતો. વિરાટ કોહલી **75** રન કરી નોટ આઉટ રહ્યા હતા. રાશિદ ખાને  સૌથી વધુ **2** વિકેટ ઝડપી હતી. એ અગાઉ ગુજરાતની ટીમે નિર્ધારિત **20** ઓવરમાં **8** વિકેટના ભોગે **155** રન કર્યા હતા. વોશિંગ્ટન સુંદરે સૌથી વધુ **50** રન કર્યા હતા. બેંગલુરુની ટીમના રસીખ ડરે ત્રણ વિકેટ ઝડપી હતી. બે મહિના ચાલેલી સ્પર્ધામાં **10** ટીમો એ ભાગ લીધો હતો.

**------------------------------------------------------------------------------------------**

## <u>રાજ્યની સાથે આજથી જિલ્લામાં વસ્તી ગણતરીની કામગીરી</u>

સમગ્ર રાજ્યની સાથે આજથી જિલ્લામાં પણ વસતી ગણતરીની કામગીરીના પ્રથમ તબક્કાનો વિધિવત પ્રારંભ થશે. પહેલીથી 30 જૂન સુધી ચાલનારા આ પ્રથમ તબક્કામાં વસતી

ગણતરીની કામગીરીમાં જોડાયેલા ગણતરીદારો ઘરયાદી અને મકાનોની ગણતરી હાથ ધરશે. જિલ્લામાં વસતી ગણતરીના કાર્યને પાર પાડવા માટે 4000 જેટલા ગણતરીદારને ફરજ સોંપવામાં આવી છે. વસતી ગણતરીના આ પ્રથમ તબક્કામાં કામગીરી કરનારા ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીના સ્રોત, શૌચાલયની સુવિધા સહિતના 33 પ્રશ્ન પૂછવામાં આવશે. સંપૂર્ણ ડિજિટલ ફોર્મેટમાં પ્રથમવાર હાથ ધરાનારી વસતી ગણતરીમાં એકત્રિત કરાયેલ ડેટા સીધો સેન્સેસ ડેટા પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. અત્રે યાદ અપાવીએ કે , 17 મેથી 31 મે સુધી સ્વગણતરી ઝુંબેશ હાથ ધરાઇ હતી. જિલ્લામાં આ સમયગાળા દરમિયાન માત્ર 9 હજાર લોકોએ સ્વગણતરી અભિયાનમાં પોતાની વિગતો ભરી છે.

---

## અવસાન

જૂની પેઢીના પીઢ પાર્શ્વ ગાયિકા સુમન કલ્યાણપુરનું મુંબઇ ખાતે અવસાન થયું છે. તેમની વય 89 વર્ષની હતી. 1954થી 88 ના સમય ગાળા માં તેમણે ફિલ્મી જગતમાં પાર્શ્વ ગાયિકા તરીકે નામના મેળવી હતી તેમણે હિંદીમાં 740થી વધુ ફિલ્મી અને ગેર ફિલ્મી ગીતો ગાયા હતા હિંદી ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ તેમણે ગીતો ગાયા હતા.

---

## કચ્છના દરિયાકાંઠે પકડાયેલ માદક પદાર્થના કેસમાં તપાસમાં NIA જોડાઇ

છે. કચ્છના દરિયામાંથી પકડાયેલા 118 કિલો માદક પદાર્થના કેસમાં હવે તપાસનો વ્યાપ વધુ મોટો બન્યો છે. ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશનમાં 1100 કરોડ રૂપિયાના માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડ્યા બાદ હવે આ સમગ્ર કેસમાં રાષ્ટ્રીય તપાસ સંસ્થા-**NIA** પણ તપાસમાં જોડાઈ છે. **NIA**ની તપાસ સાથે હવે આ કેસ માત્ર માદક પદાર્થની હેરાફેરીનો નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય માળખું, વિદેશી જોડાણ અને દેશવ્યાપી શૃંખલાની તપાસ સુધી પહોંચે તેવી સંભવાના છે.

---

# હવામાન

રાજ્યમાં આગામી સાત દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. પશ્ચિમી વિક્ષોભ, ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે રાજ્યમાં વરસાદી વાતાવરણ સર્જાઇ શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું, આગામી દિવસોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.

-----------------------------------------------------------------------------------